–: પ્રેસનોટ :–

અમદાવાદ શહેરમાં ભારત સરકારના બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું બાંધકામ સાબરમતી થી વટવા સુધીનું પાયલોટીંગનું કામ તથા સેગમેન્ટ લગાવવાનું કામ દિનેશચંદ્ર આર.અગ્રવાલ ઈન્ફ્રાકોન પ્રા.લી.,કંપની દ્વારા કરવામાં આવી રહેલ છે. આ કામકાજ અંતર્ગત શાહીબાગ અંડરબ્રિજ ખાતે તૈયાર થયેલ બુલેટ ટ્રેનના પીલ્લરો ઉપર સેગમેન્ટ લગાવવાની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે. આ સેગમેન્ટ લગાવ્યા બાદ તેનું યોગ્ય રીતે લેવલીંગ અને ટેકનીકલ કામો કરવાના હોવાથી **શાહીબાગ અંડરબ્રિજ તા.૩૦/૧/૨૦૨૬ થી તા.૪/૨/૨૦૨૬ સુધીના ફક્ત રાત્રી કલાક ૨૩.૦૦ થી ૦૬.૦૦ દરમિયાન (ફક્ત રાત્રી દરમિયાન)** કરવામાં આવનાર છે.

સદરહું કામકાજ દરમિયાન નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે.

અ.નં.	વાહનોની અવર–જવર માટે પ્રતિબંધિત માર્ગ	વૈકલ્પિક માર્ગ
૧.	શાહીબાગ અંડરબ્રીજના ત્રણેય પ્રવેશ તેમજ નિકાસ માર્ગ તા.૩૦/૧/૨૦૨૬ થી તા.૪/૨/૨૦૨૬ સુધીના ફક્ત રાત્રી કલાક ૨૩.૦૦ થી ૦૬.૦૦ દરમિયાન (ફક્ત રાત્રી દરમિયાન) વાહન વ્યવહારની અવર–જવર માટે બંધ રહેશે.	**૧.** દિલ્હી દરવાજા તથા સુભાષબ્રીજ ઉપરથી આવતો ટ્રાફિક કે જેને એરપોર્ટ–ગાંધીનગર તરફ જવું છે તે વાહનો સુભાષબ્રીજના છેડે શિલાલેખ ફ્લેટ થઇ રિવરફ્રન્ટનો ઉપયોગ કરી રિવરફ્રન્ટ માર્ગ ડફનાળા થઇ એરપોર્ટ તેમજ ગાંધીનગર તરફ જઇ શકાશે. **૨.** એરપોર્ટ–ગાંધીનગર તરફથી આવતો ટ્રાફિક ડફનાળા રિવરફ્રન્ટનો ઉપયોગ કરી અલગ–અલગ માર્ગે જઇ શકાશે. તેમજ અસારવા,ગીરધરનગર, દિલ્હી દરવાજા, કાલુપુર તરફ જવું હોય તો શાહીબાગ થઇ મહાપ્રજ્ઞજી બ્રીજનો ઉપયોગ કરી મુખ્ય માર્ગો તરફ જઇ શકાશે. **૩.** ગીરધરનગર–અસારવા તરફથી આવતો ટ્રાફિક જે જેને ગાંધીનગર,એરપોર્ટ તરફ જવાનું છે તે ટ્રાફિક શાહીબાગ થઇ અનેક્ષી, ગાયત્રી મંદીર થઇ આર્મી કેન્ટોનમેન્ટ થઇ એરપોર્ટ તેમજ ઇન્દીરાબ્રીજ ગાંધીનગર તરફ જઇ શકાશે.

જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

તા.૩૦/૧/૨૦૨૬

(એન.એમ.ચૌધરી)
સંયુક્ત પોલીસ કમિશનર
ટ્રાફિક,અમદાવાદ શહેર